# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## SOLAR ROOFTOP

સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વર્ષ 2024-25માં રાજ્યની વિવિધ સરકારી ઇમારતો પર 48 મેગાવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરાશે.

ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે સોલાર રૂફટોપ સ્થાપિત કરવા માટે રાજ્યસરકાર દ્વારા 177 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હાલ 56.8 મેગાવોટ ક્ષમતાની 3 હજારથી વધુ સોલાર રૂફટોપ સિસ્ટમ સક્રિય છે. ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઉર્જાનું ચાલુ વર્ષમાં 24 હજાર સાતસો પાંસઠ પોઇન્ટ ત્રણ મિલિયન યુનિટ ઉત્પાદન થયું છે. જેમાં 9 હજાર 637 એમ.યુ. સોલાર, 14 હજાર 201 એમ.યુ.પવન, 885.325 એમ.યુ. હાઇડ્રો, 69 સ્મોલ હાઇડ્રો અને 42 એમ.યુ. બાયોમાસ અને બગાસ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સૂર્ય શક્તિને મહત્વની ઉર્જાશક્તિને વિકસાવીને ગુજરાત અગ્રેસર ભૂમિકા નિભાવી રહ્યું છે.

-----------------------------------------------

## Kunvarjee Bavaliya

રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જસદણ તાલુકાના ખાનપર ખાતે ત્રણ કરોડથી વધુ રકમના ખર્ચે તૈયાર થયેલ વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કર્યું છે. નર્મદાનું શુધ્ધ પાણી પુરૂ પાડવા

માટે ભડલી જૂથ સુધારણા યોજના અંતર્ગત ખાનપર હેડવકર્સથી શિવરાજપુર તથા ગઢડીયા જસ ગામ સુધીની સાડા આઠ કિલોમીટરની પાઈપલાઈન અને ભુગર્ભ પંપનું લોકાર્પણ મંત્રી દ્વારા કરાયું હતું.

---------------------------------------------------------------

## GGSU - First Green Building Certification

શ્રી ગુરુ ગોવિંદ સિંહ યુનિવર્સિટિ ગ્રીન બિલ્ડિંગ પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર  રાજ્યની પ્રથમ યુનિવર્સિટી બની છે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે વિંઝોલ ખાતે 108 એકર વિસ્તારમાં યુનિવર્સિટીના નવા ભવનનું બાંધકામ ચાલી રહ્યું છે. જેમાં અત્યાર સુધીમાં વહીવટી સંકૂલ, કેન્ટીન અને રમત ગમત સંકૂલનું  બાંધકામ પૂર્ણ  થયું છે. યુનિવર્સિટીના વહીવટી સંકૂલની ઇમારતને પ્રમાણત્ર મળતા ગ્રીન બિલ્ડિંગ પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર  રાજયની પ્રથમ યુનિવર્સિટી બની છે.  આ નવા ભવનથી ઉર્જા  અને પાણીના વપરાશમાં 25 થી 30 ટકાનો ઘટાડો થશે.

-------------------

## AMBAJI PADYATRI RECORD

શક્તિપીઠ અંબાજી ખાતે 12મી થી 18મી સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂર્ણિમાનો મહામેળો યોજાશે. આ મેળામાં ભાગ લેવા વિવિધ સ્થળેથી માઇભક્તો પદયાત્રા કરી માતાના દ્વારે પહોંચે છે, ત્યારે અમદાવાદના ડો.પંકજ નાગરની 36 વર્ષની અવિરત પદયાત્રાને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મળ્યું છે. તેઓ સતત 36 વર્ષથી ભાદરવી પૂનમના મેળામાં મા અંબાના દર્શન કરવા આવે છે. તેમણે 1988થી પોતાની પત્ની ગિરા નાગર તેમજ પુત્ર, પુત્રી અને મિત્રો સાથે પદયાત્રા શરૂ કરી હતી. પંકજભાઇએ કોઇ પણ સંજોગોમાં પોતાની પદયાત્રા રોકી નથી અને અડગ શ્રદ્ધા સાથે માના દરબારમાં હાજરી પૂરાવી છે, જેની નોંધ બે વર્ષ અગાઉ લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં પણ લેવામાં આવી હતી.

---------

## Morbi Accident

**મોરબી- વાંકાનેર હાઇવે પાસે બંધુનગર ગામે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં 3 લોકોના મૃત્યુ અને 3 વ્યક્તિઓ ઇજાગ્રસ્ત થયા છે.**

**અમારા મોરબી જિલ્લાના પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે આજે સવારે ડમ્પર અને કાર સામસામે આવતા અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત થયેલા એક મહિલા અને બાળકો સહિત ત્રણ લોકોને સારવાર અર્થે નજીકના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.**

----------

## VARSAD

રાજ્યભરમાં વરસાદનું જોર ઘટ્યું છે. રાજ્યના મોટાભાગના જળાશયો નવા નીરથી છલકાયા છે. ત્યારે મહિસાગર જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે કડાણા ડેમમાંથી મધ્યરાત્રિએ 1 લાખ ક્યુસેક પાણી મહિસાગર નદીમાં છોડવામાં આવ્યું છે. કડાણા ડેમના 6 ગેટ 6 ફૂટ ખુલ્લા કરવામાં આવ્યા છે. બજાજ સાગર ડેમમાંથી પાણી છોડાતા કડાણા ડેમમાં પાણીની આવક વધી છે. મહીસાગર નદીકાંઠાના ગામોને ચેતવણી અપાઇ છે.

અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે આજે સવારથી વરસાદી માહોલમાં જિલ્લાના ભિલોડા અને મોડાસામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. બપોર બાદ પણ મોડાસા આસપાસ વરસાદ વરસ્યો હતો. તેઓ જણાવે છે કે ભાદરવી પૂનમના મેળા માટે જતા પદયાત્રીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જિલ્લા આર.ટી.ઓ. વિભાગ દ્વારા પદયાત્રીઓ માટે વિસામાની શરૂઆત કરાઇ છે. પદયાત્રીઓ માટે ચા-નાસ્તા સહિત દવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

------------------

## NARMADA – ATM CARD FRAUD

નર્મદા જિલ્લા પોલીસે મહારાષ્ટ્ર તથા રાજસ્થાનના અલગ-અલગ વિસ્તારોમાં એ.ટી.એમ. કાર્ડની અદલાબદલી કરી છેતરપિંડી કરનારા સમૂહ

સાથે સંકળાયેલા બે વ્યક્તિઓને ઝડપી પડ્યા છે. જિલ્લા પોલીસ ચેકપોસ્ટ પરથી મોટરસાયકલ પર રાજ્યમાં પ્રવેશી રહેલા આ વ્યક્તિઓને પકડી પડ્યા હતા. આ આરોપીઓ એ.ટી.એમ. પરથી રોકડ ઉપાડતી વ્યક્તિઓને મદદ કરવાના બહાને તેમનો પિન નંબર જાણી લઈ છેતરપિંડી કરતાં હોવાનું સામે આવ્યું છે. આ આરોપીઓએ ૧ લાખ ૬૯ હજારની રોકડ રકમ મેળવેલ હોવાનું કબૂલ્યું છે.

......................